વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

# પરિપત્ર

**વર્ષ ૨૦૧૯ દરમ્યાન મંજૂર થયેલ ખેડૂતોપયોગી સંશોધન ભલામણો મોકલવા બાબત...**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓને જણાવવાનું કે, દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ગુજરાતી ભાષામાં "ખેડૂતોપયોગી સંશોધન ભલામણો–૨૦૧૯" પુસ્તિકાનું પ્રકાશન કરવાનું થાય છે. આ માટે એપ્રિલ, ૨૦૧૯ દરમ્યાન આણંદ ખાતે મળેલ ૧૫મી કમ્બાઈન્ડ જોઈન્ટ એગ્રેસ્કો મિટીંગમાં મંજૂર થયેલ ખેડૂતોપયોગી સંશોધન ભલામણોની વિગત નીચે દર્શાવેલ ક્રમમાં અને આ સાથે સામેલ પરિશિષ્ટ–૧ મુજબના ફોર્મેટમાં મોકલી આપવાની રહેશે.

| | |
|---|---|
| ૧. | ભલામણનું શિર્ષક (Title of the recommendation) |
| ૨. | ભલામણનું લખાણ (Content of the recommendation) |
| ૩. | ભલામણ સબંધી એક–બે હાઈ રિઝોલ્યુએશનવાળા Jpg ફોર્મેટમાં ફોટોગ્રાફસ |
| ૪. | ભલામણનું અર્થકરણ (નવી ભલામણ કોના કરતાં, કઈ રીતે ચડિયાતી છે તેના આંકડા/માહિતીનો કોઠો) |
| ૫. | ભલામણનું વર્ષ અને વિભાગનું નામ |

ભલામણોનું લખાણ ભાષાકીય રીતે શુધ્ધ અને તાંત્રિક રીતે ક્ષતિ રહિત હોવાની ખાત્રી કરીને પછી જ મોકલવું. આ લખાણ ગુજરાતી ભાષા (LMG-Arun, Font size-14, word file)માં તૈયાર કરીને અત્રેની કચેરીના ઈ–મેઈલ tvs@nau.in પર **તા.૨૫/૦૭/૨૦૧૯** સુધીમાં અચૂક મોકલી આપવા વિનંતી છે.

આ પરિપત્ર માન.કુલપતિશ્રીની મંજૂરીથી યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/ડી–૧/વેબ– ૨૨/૨૦૧૯
નવસારી તા. ૧૫/૦૭/૨૦૧૯

**નકલ સવિનય રવાનાઃ–**
અત્રેની યુનિવર્સિટીના તમામ વિભાગીય વડાશ્રી તેમજ સંશોધન એકમના વૈજ્ઞાનિકશ્રીઓ તરફ જાણ તથા યોગ્ય થવા સારું.

પાછળ...

# પરિશિષ્ટ–૧

(ભલામણના લખાણનો નમૂનો)

**૧૫.૨.૧.૧૧: તુવેરના પાકમાં ખાતર વ્યવસ્થાપનનો પ્રતિસાદ**

દક્ષિણ ગુજરાતના ભારે વરસાદવાળા ખેત આબોહવાકિય વિસ્તારમાં ચોમાસું બિનપિયત તુવેર ઉગાડતાં ખેડૂતોને વધુ ઉત્પાદન અને નફો મેળવવા ભલામણ મુજબનું રાસાયણીક ખાતર (૨૫–૫૦ કિ.ગ્રા. ના.ફો./હે.) સાથે ૧ % પાણીમાં દ્રાવ્ય ખાતર ૧૯:૧૯:૧૯ ના.:ફો.:પો. ના ત્રણ છંટકાવ પાકની ડાળી, ફૂલ તથા શીંગોનાં વિકાસની અવસ્થાએ કરવાની ભલામણ કરવામાં આવે છે.



તુવેરના પાકમાં દ્રાવ્ય ખાતરનો પ્રતિસાદ

**અર્થકરણ:**

| ખાતર વ્યવસ્થાપન | બીજ ઉત્પાદન કિ.ગ્રા./હે. | ગોતર ઉત્પાદન કિ.ગ્રા./હે. | ખર્ચ રૂા./હે. | ચોખ્ખો નફો રૂા./હે. |
|---|---|---|---|---|
| રાસાયણિક ખાતર ૨૫–૫૦ કિ.ગ્રા. ના.ફો./હે. સાથે ૧ % પાણીમાં દ્રાવ્ય ખાતર ૧૯:૧૯:૧૯ ના.:ફો.:પો./હે. ના ત્રણ છંટકાવ | ૧૯૯૨ | ૨૪૮૮ | ૩૧૪૩૯ | ૧૦૦૪૯૯ |

[ભલામણ વર્ષ: ૨૦૧૯, પ્રાધ્યાપક અને વડા, સસ્ય વિજ્ઞાન વિભાગ, કોલેજ ઓફ એગ્રીકલ્ચર, ભરૂચ]